| | | |
|---|---|---|
| Registration No. | : | CC/11/2025 |
| Filling No. | : | CC/11/2025 |
| Filed On | : | 10/02/2025 |
| Registrered On | : | 10/02/2025 |
| Decided On | : | 14/03/2026 |
| Duration | : | DD MM YYYY |

**IN THE COURT OF JUDICIAL MAGISTRATE FIRST CLASS,**
**(Labour Court) at Sabarkantha, at Himatnagar**

**CRIMINAL CASE NO. 11 OF 2025.**

**EXH. 06**

**Complainant:-** **સરકાર વતી, શ્રીમતી કે.ડી.મોદી,**
કારખાના નિરીક્ષક, સી-બ્લોક, પમો માળ,
સહયોગ સંકુલ, પથિકાશ્રમ પાસે,
સેકટર-૧૧, ગાંધીનગર.

**VERSUS**

**Accused:-** (૧) **શ્રી જયેશભાઈ એન. પટેલ (કબ્જેદાર),**
નિયોન ઈસ્પાત એલ.એલ.પી.,
સર્વે નં. ૧૩૦,૧૩૧,૧૩૩,૧૩૭,
નુરપુરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નુરપુરા,
તા. ઈડર, જી. સાબરકાંઠા.

**Appearance:-**

Learned Advocate M.M. Ahuja for Accused

## JUDGEMENT

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નિયોન ઈસ્પાત એલ.એલ.પી., સર્વે નં.૧૩૦,૧૩૧,૧૩૩,૧૩૭,નુરપુરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નુરપુરા,તા. ઈડર, જી. સાબરકાંઠા.ના કબ્જેદાર છે.

(૨) આરોપી પર એવો આક્ષેપ છે કે, કારખાના ધારા–૧૯૪૮ ની કલમ–૭ એ (૨)(સી) નીજોગવાઈ અનુસાર કારખાનામાં કામ પર હોય તેવાતમામ કામદારોના આરોગ્ય અને સલામતીની ખાતરી માટે જરૂરી હોત તેવી માહિતી, સુચના, તાલીમ અને દેખરેખ હોવી જોઇએ.કારખાનામાં કોઈ પણ કામદાર મશીનરીની વર્કીંગ કન્ડીશન, કામ કરવાની રીત તથા મશીનના ભયજનક સ્થાનો અંગે, કાયદાની જોગવાઈ મુજબ તાલીમ પામેલ હોવો જોઈએ તથા જરૂરી માહીતી,સુચના અને દેખરેખ હોવી જોઈએ. આમ, કારખાનામાં કામદારશ્રી ભૂલકી કેશીયા મીનાને ફર્નેશની નજીકમાં જમા કરેલ સ્લેગ (માટી) ના મટીરીયલને સાફ સફાઈ કરવાની કામગીરી કરવા અંગે આરોગ્ય અને સલામતીની ખાતરી માટે જરૂરી હોય તેવી માહીતી, સુચના, તાલીમ અને દેખરેખ મળેલ છે કે નહીં તેની ચકાસણી કબજેદારે કરેલ નથી અને આમ કામદારશ્રી ભુલકી કેશીયા મીનાને બિન–પ્રાણઘતક અકસ્માત થયેલ છે તેમ તપાસ કરતા જાણવા મળેલ છે. આમ, કારખાનાના કબજેદારશ્રીએ શ્રમયોગીને આરોગ્ય અને સલામતીની ખાતરી માટે જરૂરી હોય તેવી માહીતી, સુચના, તાલીમ અને દેખરેખ આપ્યા વગર સફાઈ કામગીરી કરવા દઈને/કામ કરવાનુ ફરમાવીને/જોગવાઈ મુજબનું પાલન નહીં કરીને આરોપીએ કારખાનાધારા ૧૯૪૮ ની કલમ– ૭ એ (૨)(સી) નો ભંગ કરેલ છે.

(૩) આરોપીને નોટિસ કરતા આરોપી તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ છે. આરોપીને નિયમાનુસાર નકલો આપવામાં આવેલ છે.

(૪) સદર કામે આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા આંક–૦૪ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ. જેમા આરોપીએ પોતાની સામેના આક્ષેપનો ઈકરાર કરેલ અને આરોપીએ આંક–૦૫ થી કબુલાત પુરસીસ આપેલ અને જણાવેલ છે કે, તેઓ કુટુંબ કબીલાવાળો માણસ છે, ફરી આવો ગુનો નહી કરે. તેમજ કબુલાત પુરસીસમાં વળતરની રકમ જમા કરાવેલ હોવાનુ પણ જાહેર કરેલ છે.

(૫) આરોપીને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ, તેમ છતાં તેઓ ગુનો કબુલ મંજુર રાખેલ હોય, આરોપીની સ્વેચ્છિક કબુલાતને ન માનવાને કોઈ

કારણ રહેતુ નથી. આરોપીની કબુલાત પુરસીસની હકીકતો તથા અત્રેની અદાલત સમક્ષની રજુઆતો ધ્યાને લેતા **નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના ગુજરાત રાજ્ય વી. નટવર હરચંદજી (જી.એલ.આર.) ૨૦૦૫(૫) પાના નંબર ૭૦૯** ઉપરના કેસમાં આપેલ સમજુતી મુજબ આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હીત જળવાઈ રહે તેમ છે અને તે ઉપરાંત આરોપીને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ સરશે તેમ હોય, આમ ઉપરોક્ત ચર્ચા મુજબ હાલના કેસમાં ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

(૧) આ કામના **આરોપી જયેશભાઈ એન. પટેલ (કબ્જેદાર),**નિયોન ઈસ્પાત એલ.એલ.પી., સર્વે નં. ૧૩૦,૧૩૧,૧૩૩,૧૩૭, નુરપુરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નુરપુરા,તા. ઈડર, જી. સાબરકાંઠા નાઓને ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ-૨૫૨ અન્વયે કારખાના અધિનિયમ-૧૯૪૮ ની કલમ-૭-એ (૨)(સી) ના ભંગ બદલ કારખાના ધારાની કલમ-૯૨ હેઠળ તકસીરવાન ઠરાવી **રૂ. ૩૫,૦૦૦/- (અંકે રૂપીયા પાત્રીસ હજાર પુરા)** દંડનો હુકમ કરવામાં આવે છે અને દંડ ન ભરે તો ૦૧ માસની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ: હિંમતનગર.**

**(સંગ્રામસિંહ ઉદયસિંહ બાબર)**
**જ્યુડી.મેજી.ફ.ક.,લેબર કોર્ટ,**
**હિંમતનગર, સાબરકાંઠા**
**કોડ નં. જી.જે.૦૧૧૭૮**

D.R.Prajapati